# ગાંધીનગરના સાઈકલવીરો લોન્ગરૂટ સાયકલીંગ કરી રજા માણે છે

ગાંધીનગર, તા. ૧૪

સાયકલીંગ કરી સ્વાસ્થ્ય જાળવવાની સાથોસાથ પ્રકૃતિનો આનંદ માણતુ ગાંધીનગરનું સાયકલવીરોનું ગ્રુપ દર રવિવારે કે રજાના દિવસે ૧૦૦ કિ.મી. સુધીનું અંતર કાપીને શહેરની આસપાસના અનેક જાણીતા સ્થળોની મુલાકાત લઈ ચુક્યુ છે. આ ગ્રુપ પૈકીના વત્સલ વોરા અને અજયભાઈ રાણા સાયકલ પર મહુડી સ્થિત અમરનાથ ધામ પહોંચ્યા હતા અને શનિવારની રજાનો આનંદ માણ્યો હતો.

**શહેરના બે યુવાનો વત્સલ વોરા અને અજયભાઈ રાણા શનિવારની રજામાં સાઈકલ લઈ મહુડી રોડ પર સ્થિત અમરનાથ ધામ પહોંચ્યા : દર રવિવારે કે રજાના દિવસે તેઓ અન્ય મિત્રો સાથે ૫૦ થી ૧૦૦ કિ.મી.નું સાયક્લીંગ કરી વિવિધ સ્થળોની મુલાકાત લે છે**

ગાંધીનગરમાં સાયકલીંગ કરતા યુવાનો આપણને જોવા મળી જાય છે. ગાંધીનગર શહેરની સુંદરતાને માણવાની સાથોસાથ પોતાના સ્વાસ્થ્યની કાળજી રાખતા આવા કેટલાક સાયકલીસ્ટ ગ્રુપ નિયમિત રીતે ૫૦ થી ૧૦૦ કિ.મી. સુધીનું સાયકલીંગ કરે છે. આ ગ્રુપમાં પ્રાધ્યાપકો, અધિકારીઓ અને વેપારીઓ પણ સામેલ છે. આવા જ એક સાયકલીંગ ગ્રુપના સભ્ય અને અધિકારી વત્સલ વોરા કહે છે કે લગભગ પાંચેક વર્ષ અગાઉ સ્વાસ્થ્યની દરકાર માટે મિત્રો સાથે સાયકલીંગ કરવાની શરૂઆત કરી હતી. પહેલા તો માંડ પાંચેક કી.મી.નું સાયકલીંગ થતુ હતુ પરંતુ હવે જાહેર રજાના દિવસે અને રવિવારે અમારૂ ગ્રુપ ૧૦૦ કિ.મી સુધીનું સાયકલીંગ કરે છે. આજે શનિવારે વત્સલ વોરા અને તેઓના મિત્ર અજયભાઈ રાણા વહેલી સવારે સાયકલ લઈ મહુડી રોડ સ્થિત અમરનાથ ધામ પહોંચ્યા હતા. માત્ર સવા કલાકમાં જ તેઓ ૩૫ કિ.મી. દૂર આવેલા અમરનાથ ધામ પહોંચ્યા હતા. અહીં તેઓ અડધા કલાક જેટલો સમય રોકાયા હતા અને પરત ગાંધીનગર આવ્યા હતા. આવી જ રીતે તેઓ પોતાના સાયકલીંગ ગ્રુપના અન્ય સભ્યો પ્રણવ જોષીપુરા, અનિસ મંકોડી, વિપુલ પટેલ, તરંગ હાથી, તુષાર ધનેશ્વર, જે.બી. પટેલ કેશવ પટેલ, ગુંજન બુચ, મંથન ઓઝા અને હરેશ રાઠોડ સાથે ગાંધીનગરની આસપાસના મોટાભાગના સ્થળોની મુલાકાત સાયકીંલગ દ્વારા લઈ ચૂક્યા છે. ગાંધીનગર નજીક આવેલા કંથારપુર, ગિયોડ, વહેલાલ, બોપલ, રીવરફ્રન્ટ, જગન્નાથ મંદિર, ભદ્રકાલી મંદિર, ઉનાવા, નારદીપુર, કેમ્પ હનુમાન, મહુડી મંદિર, ભાડજ મંદિર વગેરે સ્થળોની એકથી વધુ વખત મુલાકાત લઈ ચૂક્યા છે. મહેમદાવાદ સ્થિત સિદ્ધિ વિનાયકના મંદિરની મુલાકાત સમયે તો એક જ દિવસમાં ૧૦૦ કિ.મી.થી વધુનુ સાયકલીંગ કર્યુ હતુ. વત્સલ વોરા કહે છે કે દર વિક એન્ડમાં લોન્ગ રૂટ સાયકલીંગ કરવુ એ હવે જાણે આદત બની ગઈ છે. અમારા ગ્રુપના કેટલાક સભ્યોના બાળકો પણ અમારી સાથે આ સાયકલીંગ એડવેન્ચરમાં જોડાતા થયા છે. સાયકલોથોનમાં પણ અમારૂ ગ્રુપ નિયમિત રીતે ભાગ લે છે.



## ૮૩ વર્ષના નિઃસંતાન કાકીને મુખાગ્નિ આપતી ભત્રીજી

નિઃ સ્વાર્થ સેવાનું ઉત્તર ઉદાહરણ : હીરાબેન દેવાભાઈ મકવાણા છેલ્લા ઘણાં સમયથી બિમાર હતા, વધુમાં તેઓ નિઃસંતાન હોવાથી તેમની સેવા તેમની ભત્રીજી રેણુકાબેન રમેશભાઈ પરમારે કરી. તેઓ મૃત્યુ પામતાં ભત્રીજીએ તા. ૧૩ ફેબ્રુઆરીના રોજ તેમને મુખાગ્નિ આપી અંતિમ સંસ્કાર કર્યા હતા.

# જેણે હજુ રસી જોઈ નથી તેને પહેલો ડોઝ મેળવવા બદલ અભિનંદન મેસેજ મળ્યાં..!!!

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં કોરોના રસીકરણ ચાલી રહ્યું છે પરંતુ તેમાં છબરડાના કિસ્સા પણ સર્જાઈ રહ્યાં છે. શહેરના સેક્ટર-૧૫માં રહેતા અને જુનિયર સિટિઝન કાઉન્સિલની એમ્બ્યુલન્સના ડ્રાઈવર ભાગ્યેશકુમાર શર્મા નામના વ્યક્તિના મોબાઈલ પર એક મેસેજ આવ્યો હતો જે વાંચીને તેઓ આશ્ચર્યમાં પડી ગયા હતા કેમ કે આ મેસેજમાં તેમને કોરોના રસીનો પ્રથમ ડોઝ સફળતાપૂર્વક લેવા બદલ અભિનંદન પાઠવેલા હતા જ્યારે ભાગ્યેશકુમારના જણાવ્યાં મુજબ તેમણે હજુ સુધી રસી કેવી હોય તે પણ જોઈ નથી તો રસી લેવાની વાત તો બહુ દૂરની છે. આ સાથે તેમને ચિંતા છે કે થોડા દિવસ પછી તેમને રસી લેવાની છે ત્યારે તેમને રસી મળી શકશે કન નહિ?

જો કે ભાગ્યેશકુમારના જણાવ્યાં અનુસાર તેમના મોબાઈલમાં રસીકરણનો પ્રથમ ડોઝ મેળવ્યો હોવાનો મેસેજ આવ્યો હતો તેમાં નામ જયેશકુમાર

**પાટનગરમાં રસીકરણમાં છબરડાંનો પ્રારંભ : જેણે રસી લીધી નથી તેને રસીકરણનો મેસેજ આવે છે : હેલ્થ વર્કરના જણાવ્યા મુજબ રજીસ્ટ્રેશન વખતે લાભાર્થીએ મોબાઈન નંબર લખવામાં ભૂલ કરી હશે : હવે જેણે રસી લીધી છે તેને બીજા ડોઝની જાણ કેવી રીતે કરાશે ?**

તુલસીભાઈ સોલંકી દર્શાયુ હતુ જેનો સીધો મતલબ એ છે કે રસી જયેશકુમારે લીધી છે અને મોબાઈલ નંબર ભાગ્યેશકુમારનો લખાયો છે જેથી મેસેજ ભાગ્યેશકુમારને મળ્યો છે. હવે આ રસીનો બીજો ડોઝ લેવા અંગે જયેશકુમારને કેવી રીતે જાણ થશે? વળી, મેસેજમાં રસી આપનાર ફિમેલ હેલ્થવર્કર તરીકે રીટાબેન બી. વિહોલાનું નામ અને રસીકરણનું કેન્દ્ર અર્બન હેલ્થ સેન્ટર, સેક્ટર-૨૪ દર્શાવેલુ છે. રીટાબેન વિહોલા સાથે વાત કરતાં તેમણે જણાવ્યુ હતુ કે અમે રસી માટેના રજીસ્ટ્રેશન વખતે લાભાર્થીએ નંબર લખવામાં ભૂલ કરી હોઈ શકે છે કેમકે અમે રસીકરણના સોફ્ટવેર મુજબ ત્રણ જગ્યાએ વેરીફિકેશન કર્યા પછી જ રસી આપીએ છીએ અને લાભાર્થીને રજીસ્ટ્રેશન વખતે જે આઈડી પ્રુફ આપ્યુ હોય તેનો નંબર દાખલ કરીએ પછી જ તેના રસીકરણની એન્ટ્રી ખૂલે છે તેથી અમારી તરફથી ભૂલ થઈ નથી વળી, તેમના જણાવ્યા અનુસાર આવી એક ફરિયાદ સિવિલ હોસ્પિટલના એક કર્મચારીની પણ આવી હતી. આ ઉપરાંત ગત સપ્તાહે સોફ્ટવેરમાં પ્રોબ્લેમ થવાથી આશરે એક સપ્તાહ સુધી રજીસ્ટ્રેશન બંધ રહ્યુ હતુ પરંતુ જેમને રસી અપાઈ ચુકી હતી તેમને મેસેજ ખૂબ મોડા મળ્યા હતા. ભાગ્યેશકુમારે જણાવ્યું કે જયેશકુમાર મ્યુ. કોર્પોરેશનના સફાઈ કામદાર છે જેમણે રસી લીધી છે.

## ખૂણેખાંચરેથી

- ગુજરાતમાં કોરોના વેક્સીનેશનની કામગીરી ધીમી ચાલતી હોવાને લઈ રાજ્યના મુખ્ય સચિવશ્રી રોજેરોજ વિડીયો કોન્ફરન્સ કરી સમીક્ષા કરી રહ્યાની વાતો શરૂ થઈ છે.
- ગાંધીનગર શહેરમાં રવિવાર હોવા છતાં સાંજે ટ્રાફિક ભારે જણાયો હતો.
- લગ્નો માટે વણજોયુ મુહૂર્ત ગણાતાં વસંતપંચમીએ આ વખતે લગ્નોનું મુહૂર્ત જ ન હોવાથી સામાજિક ચિંતાઓ વધવા પામી છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરમાં કોરોનામાંથી રિકવર થયેલ દર્દીઓની સંખ્યા સમાન થઈ છે.
- ગાંધીનગર શહેરમાં ડહોળા પાણીની સમસ્યા હવે કાયમી સમસ્યા બની ઉભરી રહી છે પરંતુ તંત્રને તે ઉકેલવામાં બહુ રસ હોય તેવુ લાગતુ નથી તેવી વાતો નગરજનોની ચર્ચાનો મુદ્દો બન્યો છે.
- ગાંધીનગર મનપા દ્વારા યોજાયેલ દ્વિ દિવસીય બાગકામ ઉત્સવને આજે પ્રમાણમાં સારો પ્રતિસાદ મળતાં તંત્રમાં ખુશીનો માહોલ છવાયો છે.
- સે. ૨૨માં રોડનું કામ ચાલુ હોવાથી અને કોદકામ પણ ચાલુ હોવાથી વાહનચાલકોને તકલીફ પડી રહી છે.

# ઝુંડાલ કેનાલ નજીક સુરતના વેપારી સાથે ૨.૬૬ લાખની લૂંટ

### અંકલેશ્વરથી બસમાં સુઈ ગયેલ યુવક સોળ કલાકે ભાનમાં આવ્યો : યુવકને બન્ને હાથે ફેક્ચર : અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર ઝુંડાલ કેનાલ નજીક સુરતના વેપારી સાથે ૨.૬૬ લાખની લૂંટ થઈ હોવાનું પ્રકાશમાં આવ્યુ છે.

સુરતથી બસમાં બેઠેલા યુવક પાસે અન્ય એક વ્યક્તિ બેઠો હતો. સામાન્ય વાતચીત બાદ સુઈ ગયેલો યુવક સોળ કલાકે ભાનમાં આવ્યો હતો. યુવક ભાનમાં આવ્યો ત્યારે તે તેની બહેનના ઘરે વૈષ્ણોદેવી સર્કલ હતો. ભાનમાં આવેલા યુવકે જોયુ તો તેની પાસે રહેલા સોનાના દાગીના, રોકડા રૂપિયા મળી ૨.૬૬ લાખની મત્તા ન હતી.

બનાવના અંતે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ સુરત કતારગામ ખાતે રહેતા વિનેશભાઈ હિંમતભાઈ ચલોડિયા સુરત જીઆઈડીસીમાં ટેક્ષટાઈલ્સનો ધંધો કરે છે. ગત તા. ૨૬મી જાન્યુઆરીના રોજ રાત્રીના ૧૨.૩૦ વાગે રાત્રીના ૧૨.૩૦ વાગે ફરીયાદી કામરેજથી હિંમતનગર જતી બસમાં બહેનના ઘરે વૈષ્ણોદેવી આવવા બેઠા હતા. આ સમયે તેમના પાસે અન્ય એક વ્યક્તિ પણ મુસાફર તરીકે બેઠો હતો. અંકલેશ્વર સુધી વાતચીત કર્યા બાદ ફરીયાદી સુઈ ગયા હતા અને સાંજના ૫.૩૦ વાગે ભાનમાં આવ્યા હતા. ભાનમાં આવેલ યુવક પોતાની બહેનના ઘરે હતો. ફરીયાદીના હાથે ઈજા પહોંચી હતી અને માથુ ભારે હતુ. જે બનાવ અંગે ફરીયાદીને પુછતાં બહેને જણાવ્યુ હતુ કે એક રીક્ષાવાળા ભાઈને તુ ઝુંડાલ નર્મદા કેનાલ પાસે ઉંધો પડેલ મળ્યો હતો જે વૈષ્ણોદેવી સર્કલ પાસે લાવ્યા હતા. યુવકે જોયુ તો ૪૦,૦૦૦ કિંતની સોનાની બે વીંટી, ૭૫,૦૦૦ ગળામાં સોનાની માળા, દોઢ લાખની સોનાની બીજી ચેન, રોકડા ૧૧૦૦ રૂપિયા ગાયબ હતા. યુવક ફરીયાદ કરવા માટે પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો પરંતુ તેને ચક્કર આવતા અને બરાબર ભાન ન હોવાથી સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો જ્યાં યુવકના બન્ને હાથે ફેક્ચર હોવાનું સામે આવ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે યુવકને કેફી પદાર્થ સુંઘાડીને બેભાન કરીને સોનાના દાગીના અને રોકડ રૂપિયા પડાવી લીધા હોવાની શંકા સેવાઈ રહી છે.

## ખ-૭ સર્કલ પાસે કાર બાઈક વચ્ચે અકસ્માત એકને ઈજા

ગાંધીનગર, તા.૧૪

ખ-૭ સર્કલથી સમર્પણ કોલેજ જવાના માર્ગ પર વેગનઆર ગાડી અને હોન્ડા કાઈન વચ્ચે અકસ્માત થયો હતો. અકસ્માતમાં બાઈક ચાલક નીચે પટકાતા શરીરે ઈજાઓ પહોંચી હતી. ઘાયલને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા જ્યાં પગે ફેકચર હોવાનું નિદાન થયું હતું.

બનાવ અંગે બાઈકચાલકે સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા કારચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## હરિની દષ્ટિ...

- હરિન ભટ્ટ



હવે તો વેલેન્ટાઈન ડે પુરો થઈ ગયો... હવે તો બહાર જવા દે... પ્લીઝ...!!

# કૃષિને 'ઉદ્યોગ' બનાવવો હોય તો રોકાણની તક ઉભી કરી યુવાનોને જમીન સોંપી તાલીમ આપો

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

"કૃષિ પ્રધાન ગુજરાતમાં ખેતીવાડી ક્ષેત્રે યુવાનોનો જ્યારે પ્રવેશ થશે ત્યારે ભારત અને ગુજરાત સાચા અર્થમાં એગ્રીકલ્ચર કન્ટ્રી બનશે." તેવો આશાવાદ વ્યક્ત કરી નિવૃત્ત સંયુક્ત ખેતી નિયામક એએ કટેશિયાએ સરકારને એવી અપીલ કરી છે કે "કૃષિને ઉદ્યોગનો દરજ્જો તો આપ્યો છે પરંતુ હકીકતમાં કૃષિને ઉદ્યોગ બનાવવો હોય તો મૂડીરોકાણની તકો આપીને યુવાનોને ખેતી કરવા માટે જમીન સોંપી તેમને તાલીમ આપવાની આવશ્યકતા છે. યુવાનોને ખેતીવાડીમાં સ્વતંત્ર નિર્ણય લેવાની સત્તા પણ આપવી જોઈએ, કારણ કે યુવાનો પ્રવર્તમાન ટેકનોલોજીનો ઉપયોગ કરીને વધુ ઉત્પાદન આપી શકશે." આ નિવૃત્ત કૃષિ અધિકારી કહે છે કે ભારત અને ગુજરાત એ કૃષિપ્રધાન પ્રદેશ છે. દેશ અને રાજ્યની ૬૦ ટકા વસતી કૃષિ અને પશુપાલન સાથે જોડાયેલી છે આમ છતાં ૧૯૭૦ થી ૧૯૯૦ સુધીના ગ્રીન રિવોલ્યુશન સમય પછી પણ કૃષિક્ષેત્રે વિકાસદર જોવા મળતો નથી. કેન્દ્ર અને રાજ્ય સરકારના અનેક પ્રોત્સાહન છતાં કૃષિ ક્ષેત્રે દેશ અને ગુજરાતમાં પરિવર્તન આવી શક્યું નથી. ખેડૂતોના પ્રશ્નો અટકેલા છે. સરકારની સહાય યોજનાઓનો ખેડૂતો પુરતો લાભ લઈ શકતા નથી, કારણ કે નવી પેઢી



પરંપરાગત ખેતીથી દૂર ભાગી રહી છે. હકીકતમાં સરકારે આ ક્ષેત્રમાં વધુને વધુ યુવાનો આકર્ષિત બને તેના પ્રયાસ કરવા જોઈએ.

**● ખેડૂત પરિવારની નવી પેઢી શહેરોમાં જઇ વસી છે...**

ગુજરાતમાં નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલા ઉદ્યોગોના કારણે કૃષિક્ષેત્રે મજૂરોની અછત ઉભી થઈ છે. શહેરીકરણના કારણે ખેડૂત પરિવારોના સંતાનો શહેરોમાં જઈને વસ્યાં છે. તેમને પાછા બોલાવીને ખેતરો તેમને સોંપી દેવા જોઈએ કે જેથી કૃષિમાં ચમત્કારિક પરિણામો મળી શકે. રાજ્યમાં ૬૨ ટકા ખેડૂતો નાના અને સિમાંત છે. આ ખેડૂતોને ગુજરાન ચલાવવા માટે નાનું લેન્ડ હોલ્ડીંગ અપૂરતું છે તેથી તેઓ અન્ય વ્યવસાયમાં જોડાઈ રહ્યાં છે. બીજી તરફ સામાજીક મૂલ્યોમાં આવેલા પરિવર્તનના કારણે આજે ખેડૂત પરિવારના સંતાનો શહેરોમાં સ્થળાંતરિત થઈ રહ્યાં છે. ખેતીવાડીમાં મર્યાદિત રોકાણ હોવાથી ખેડૂત પરિવારો ભાંગી રહ્યાં છે. બાપ-દાદાની ખેતી છોડીને તેઓ અન્ય વ્યવસાય અથવા તો નોકરી પસંદ કરી રહ્યાં છે.

**રાજ્યમાં નવી પેઢી ટેકનોલોજીનો ઉપયોગ કરી સારી રીતે વિવિધ પાક ઉત્પાદન કરી શકે છે**

આ માનસિકતા બદલવી હોય તો યુવાનોના હાથમાં ખેતીનું સુકાન સોંપી દેવું જોઈએ. ગુજરાતમાં દર બે વર્ષે વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ થાય છે પરંતુ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ એગ્રી સમિટનો અભાવ વર્તાઇ રહ્યો છે તેથી કૃષિ ક્ષેત્રે ઉદ્યોગો જેટલું સમૃદ્ધ મૂડીરોકાણ થતું નથી.

**● ખેડૂતોની સમસ્યા અપરંપાર છે, બદલાવ જરૂરી છે...**

કટેશિયા કહે છે કે ગુજરાતમાં કેટલાક ખેડૂતો તેમની રીતે સંશોધન કરીને વધુને વધુ પાક લેવાનો પ્રયાસ કરી રહ્યાં છે પરંતુ વૈશ્વિક ટેકનોલોજીના બદલાવને તેઓ સ્વિકારી શકતા નથી. આ હુન્નર નવી પેઢીમાં છે પરંતુ તે ખેતીથી દૂર થતી ગઈ છે. જો આમ જ ચાલ્યું તો ખેતીવાડીમાં આપણે નવી કેડર ઉભી કરી શકીશું નહીં અને ખેતીની જમીન ઘટતી જશે, છેવટે અનાજમાં આપણે સ્વાવલંબી બની શકીશું નહીં. ગુજરાતમાં ફાર્મ મેકેનાઈઝેશન માટે ઓછું લેન્ડીંગ એ મુખ્ય સમસ્યા છે. નવી સારી વધુ ઉત્પાદન આપતી જાતોનો અભાવ વર્તાઈ રહ્યો છે. પાક વીમા યોજના હેઠળના દાવા ચૂકવવામાં અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે પરિણામે ખેડૂતોની આર્થિક સ્થિતિ કફોડી બની રહી છે. મહત્વની બાબત એવી છે કે ટેકનોલોજી ક્ષેત્રે સરકારી સંસ્થાઓની ઈજારાશાહી ચાલે છે. ખાનગી ક્ષેત્રની સારી ટેકનોલોજી પ્રાપ્ય બનતી નથી. ગુજરાતમાં ખાતરીબંધ સિંચાઈ વ્યવસ્થાનો વ્યાપ પણ મર્યાદિત છે. પ્રતિકૂળ વાતાવરણની સાથે પાવર સપ્લાયની ખામીના કારણે ખેતીના પાકોને ભારે મોટું નુકશાન થાય છે.

**● ખેતી મોંઘી બની રહી છે અને આવકના સ્ત્રોત ઓછાં...**

**સરકારે ઉદ્યોગનો દરજ્જો તો આપ્યો પરંતુ ઉદ્યોગની જેમ ઇન્વેસ્ટમેન્ટના પ્રયાસ કર્યા નથી**

ગુજરાતમાં ખેતી મોંઘી બની રહી છે અને આવકના સાધનો ઓછાં પડી રહ્યાં છે. મોટા ખેડૂતો નુકશાન સહન કરી શકે છે પરંતુ નાના અને મધ્યમ ખેડૂતો નુકશાન થતાં જીવનનો અંત આણવા મજબૂર બને છે. સરકારની સહાય યોજનાઓ પણ ખરા અર્થમાં ખેડૂતો સુધી પહોંચતી નથી. સરકારી કચેરીઓ ખેડૂતોને ધક્કા ખવડાવે છે. ડીઝલના ભાવવધારાના કારણે ખેડૂતોની ઉપજનો સૌથી મોટો હિસ્સો

**સ્થળાંતરિક થયેલા સંતાનોને ગામડામાં પાછા બોલાવી ખેતરનો કાર્યભાર સોંપી દેવો જોઇએ**

ટ્રાન્સપોર્ટેશનમાં જતો રહે છે. પાકમાં વપરાતી દવાઓ, બિયારણ અને આવશ્યક ચીજવસ્તુઓના દિન-પ્રતિદિન વધતા ભાવ ખેડૂતો માટે મોટી સમસ્યા છે. કૃષિનું તાંત્રિક જ્ઞાન અને ડીગ્રી નહીં ધરાવતા વિતરકો અને વ્યાપારીઓ દ્વારા આપવામાં આવતી ભૂલભરેલી સમજ અને સલાહના કારણે ખેડૂત ગેરમાર્ગે દોરાય છે અને નુકશાન કરી બેસે છે. ખેતીની જમીનમાં સેન્દ્રીય ખાતરોના અભાવે ફળદ્રુપતા ઘટતી જાય છે. સોઈલ હેલ્થ બગડી રહ્યું છે અને જમીન મૃતપ્રાય બનતી જાય છે. સરફેસ વોટરના અભાવે જમીનમાં ખારાશનું પ્રમાણ વધતું જાય છે. સેન્દ્રીય કાર્બનનું પ્રમાણ ભયજનક રીતે ઘટી રહ્યું છે. જંતુનાશકોના વપરાશના કારણે પર્યાવરણને તો નુકશાન થાય છે પરંતુ તેની સાથે કૃષિપાકોમાં પોઈઝન વધી રહ્યું છે.

**● નાના અને મધ્યમ ખેડૂતોની હાલત કફોડી છે...**

નિવૃત્ત કૃષિ અધિકારી કહે છે કે આજે ખેડૂતો જાતે ખેતરમાં કામ કરવાને બદલે બહારથી આવેલા મજૂરો પાસે ખેતી કરાવે છે તેથી ઉપજનો ત્રીજો કે અડધો હિસ્સો મજૂરી પેટે આપવો પડે છે. ખેડૂત પાસે ખેતીનો અનુભવ છે અને જ્ઞાન છે છતાં તેઓ તેનો ઉપયોગ કરી શકતા નથી. ખેડૂત સતત હાજરી આપતો નહીં હોવાથી ખેતી કાર્યોમાં ગુડ એગ્રીકલ્ચર પ્રેક્ટાયસીસનો અમલ થતો નથી. ઘણાં ખેડૂતો પાસે કુવા અને ટ્યુબવેલનો અભાવ હોય છે. ટપક અને ફુવારા પદ્ધતિથી ખેતી કરવી છે પરંતુ ખેડૂત પાસે મૂડીરોકાણ નથી. નાના ખેડૂતો ટ્રેક્ટર કે અન્ય નવી ટેકનોલોજીના સાધનો વસાવી શકતા નથી. ગ્રીનહાઉસ અને નેટહાઉસ જેવી સુવિધા મોટા ખેડૂતોને મળે છે. રાજ્યની એપીએમસી ખેડૂતોના હિતોનું રક્ષણ કરી શકતી નથી. ભાવ અને તોલમાપમાં પારદર્શકતા હોતી નથી તેથી ખેડૂત છેતરાય છે. ગુજરાતમાં કોન્ટ્રાક્ટ ફાર્મિંગ શરૂ થયું છે પરંતુ તેનો વ્યાપ ખૂબ ઓછો છે. સ્થાનિક બજારમાં ગ્રેડીંગ, પેકીંગ અને પ્રોસેસિંગનો અભાવ છે. સિનિયર ખેડૂતો પાસે જે જ્ઞાન છે તે વર્ષો જૂનું છે અને નવું તેઓ અપનાવી શકતા નથી તેથી અસલામતી અને ડર હોય છે.

**● યુવાનોને ખેતી અને જમીન સોંપવાના ફાયદા છે...**

કટેશિયા કહે છે કે યુવાનોને ખેતી અને જમીન સોંપીને તેમને યોગ્ય તાલીમ આપવામાં આવે તો ખેડૂત પરિવારોની આર્થિક હાલત સુધરી શકે છે. યુવાનોને આવકની ખાત્રી આપવી પડશે. જમીન તેમના નામે કરવી પડશે. ખેતીની જમીન માટે યુવાનોને ખેડૂત બનાવવા જૂના કાયદાઓ બદલવા પડશે. યુવાનોને નિર્ણય લેવાની છૂટ આપવી પડશે. જમીનના નાના ટુકડાઓને રેવન્યુ રેકર્ડમાં નામ ફેર કર્યા વિના એક સાથે જોડીને વચ્ચેના પાળા દૂર કરી મોટા ફાર્મ તૈયાર કરવા પડશે. યુવાનોના ગ્રુપને ખેતીવાડીમાં અપનાવવા પડશે. ખેતર થી ખાનાર વ્યક્તિ સાથે સીધું જોડાણ ઉભું કરવાથી યુવાનો તેમની નિર્ધારિત આવક કમાઈ શકશે. માર્કેટીંગ કંપનીઓ, કોન્ટ્રાક્ટ ફાર્મિંગ અને માળખાકીય સુવિધાઓ આપવી પડશે. ગ્રામીણ વિસ્તારમાં ખેત આધારિક લઘુ ઉદ્યોગોની સ્થાપના કરવાનો સમય આવી ગયો છે. યુવાનોને શહેરમાં રહીને



નજીકના ગામમાં ૨૫ થી ૩૦ કિલોમીટરના અંતરે જમીન આપો કે જેથી તે ખેતી કરવા જઈ શકે અને પાછો સરળતાથી શહેરમાં આવી શકે. સરકારે પણ ખેતી કરવા યુવાનોને સ્પેશ્યલ દરજ્જો આપવો જોઈએ. કૃષિમાં કોઈપણ વ્યક્તિ કુદરત અને પ્રકૃત્તિ સાથે જોડાઈ રહે છે તેથી તેની હેલ્થમાં પણ ચોંકાવનારો વધારો થાય છે. શહેરોમાં માનસિક તાણ વચ્ચે કામ કરતા યુવાનોને ખેતી તરફ વાળવાનું કાર્ય સરકાર જ કરી શકે છે. આજે ગામડામાં પણ શહેરો જેવી સુવિધા છે ત્યારે યુવાનો સ્માર્ટ વિલેજમાં એગ્રીકલ્ચર બિઝનેસ કરે તો તેનાથી ખેડૂત પરિવારમાં ખુશીઓની રોનક આવી શકે છે.